જા.ન. મા-૮/વર્ગ- વધારો/૨૦૧૨-૧૩/ ૪૫૪૩૪

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બી-૫, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઇન્સ, સુરત
તા૧૮/૬/૨૦૧૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ ગ્રાંટેડ અને સરકારી મા.અને ઉ.મા.શાળાઓ.

વિષયઃ રાજયની બિન સરકારી ગ્રાન્ટેબલ તથા સરકારી મા./ ઉ.મા.શાળાઓમાનાં ધો. ૯ થી ૧૨ નાં ક્રમિક /વર્ગ વધારા તથા ધો.૧૧ અને ધો.૧૨ ના સંળગ એકમના વર્ગ વધારા અંગે વર્ષ ૨૦૧૨-૨૩
સંદર્ભઃ કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરના તા.૧૬/૬/૨૦૧૨ ના ક્રમાંક અનદ-૨/૨૦૧૨-૧૩/૧૪૬૭૩-૯૯

જયભારત સહ ઉપરોકત વિષયના અન્વયે જણાવવાનુ કે આપની શાળામાં વર્ષ ૨૦૧૨-૧૩ ના વર્ષમાં જૂન-૨૦૧૨ ની અસરથી ધો.૯ થી ૧૨ ના ક્રમિક વધારાના વર્ગો તથા તથા ધો.૧૧ અને ધો.૧૨ ના સંળગ એકમના વર્ગ વધારા અંગેની દરખાસ્તો મોકલવા અંગેની જાહેરાત તા. ૧૬/૬/૨૦૧૨ ના "સ.દેશ" સમાચારપત્રમાં આવેલ છે.

૧. ધો.૯ થી ૧૨ ના ક્રમિક/ વર્ગવધારા માટેની સુચના ગત વર્ષની સુચના મુજબ છે. આ કચેરીના તા. ૧/૬/૨૦૧૧ પત્રાંક મા-૮/વર્ગવધારો/૨૦૧૧-૧૨/૨૪૨૭૧ ના પત્ર સાથે સામેલ રાખેલ મે. કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરની કચેરી ના તા. ૨૬/૫/૨૦૧૧ ના પત્રમાં સુચનાઓ ધ્યાને લઇ આપની શાળાની ધો.૯ થી ૧૨ વર્ગ વધારાની દરખાસ્તમાં તૈયાર કરવી.

૨. ધો.૯ થી ૧૨ ના સળંગ એકમ ના અનુસંધાને જુન-૨૦૧૨ થી ધો.૧૧ ના ગ્રાંટેડ ક્રમિક વર્ગ શરૂ કરવા માટે આ કચેરીના તા. ૩૦/૬/૨૦૧૧ પત્રાંક એસ.-૮/૨૦૧૧-૧૨/૨૪૯૪૮ ના પત્ર સાથે સામેલ રાખેલ મે. કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરની કચેરીના તા. ૨૮/૬/૨૦૧૧ ના પત્રની સુચનાઓ ધ્યાને લઇ આપની શાળાની ધો.૧૧ ક્રમિક વર્ગની દરખાસ્તમાં તૈયાર કરવી.

૩. અરજી ફી નું રૂા. ૨૫૦૦/= ઉપર ક્રમ ન. ૧ સાથે રાખેલ ચલનના નમુના મુજબ ચલન આપના તાલુકાની પેટા તિજોરી/ તિજોરી કચેરી/ નકકી કરેલ બેંકમાં ભરી તેનું અસલ ચલણ મે. કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગરની દરખાસ્તમાં તથા તેની પ્રમાણિત નકલ આ કચેરીની દરખાસ્તમાં સામેલ રાખી દરખાસ્ત તમામ સાધનિક કાગળો સહિત ( સાધનિક કાગળોના ઇન્ડેક્ષ સહિત) બે નકલમાં આ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ નિયત કરેલ વર્ગવધારાના કેમ્પમાં રજૂ કરવી.

૪. વર્ગ/ક્રમિક વર્ગ ની દરખાસ્ત અંગે નીચે મુજબની કાળજી રાખવી.

- વર્ગ વધારા/ ક્રમિક વર્ગનું અરજી ફોર્મ આ કચેરી વેબ સાઇટ www.deosurat.gov.in પર મૂકવામાં આવેલ છે. જે ડાઉનલોડ કરવાથી મળી શકશે.
- અરજી -દરખાસ્ત ફી રૂા. ૨૫૦૦/= સરકારશ્રીના શિક્ષણ સ્પોર્ટસ અને કલાના સદર ૦૨૦૨ માં સરકારશ્રીમાં ( જિલ્લા/ પેટા તિજોરી કચેરી અથવા આ અંગે અધિકૃત કરેલ બેંક/.ની શાખામાં ) જમા કરાવી અસલ ચલણ અરજીપત્રક સાથે રજુ કરવું ચલણમાં કાળજી પુર્વક વિગતો લખવી. ચલન આ કચેરીમાં નંબર પાડવા માટે મોકલવું નહી. ચલનમાં તમામ વિગતા ભરી શાળા/ સંસ્થા એ સહી- સિકકા કરી નજીકની જિ./પેટા તિજોરી કચેરી માં નિયત સમય મર્યાદામાં દરખાસ્ત ફી રૂા. ૨૫૦૦/= જમા કરાવવા.

- ભરેલ અરજીપત્રક બે નકલમાં જરૂરી દસ્તાવેજી આધારો સાથે આ સાથે સામેલ રાખેલ પત્રક મુજબ નિયત કરેલ વર્ગવધારાના કેમ્પમાં રજૂ કરવી.
- દરખાસ્ત ફોર્મમાં તમામ / પૂરેપૂરી વિગતો ભરવી. અને સાધનિક કાગળો સામેલ રાખવા. દરખાસ્તમાં પા.ન. આપી વિગતો (ઇન્ડેક્ષ) દર્શાવવી.
- અરજી પત્રકમાં ઉપર જણાવ્યા મુજબ કમિશનરશ્રી, શાળાઓની કચેરી, ગાંધીનગર ના તા. ૨૬/૫/૨૦૧૧ / તા. ૨૮/૬/૨૦૧૧ ના પત્રની સુચના મુજબનુ - શાળામાં છેલ્લા પાંચ વર્ષમાં માંગેલ ધોરણોનો વર્ગ ધટાડો થયેલ નથી. એવું પ્રમાણપત્ર અરજી સામેલ રાખવું
- સંસ્થાની એક કરતા વધારે વર્ગ વધારાની દરખાસ્ત કરવાની થતી હોય તો વર્ગ દીઠ અલગ અલગ દરખાસ્ત કરવી.
- આ કચેરીને સમય મર્યાદામાં મળેલ દરખાસ્તોની તપાસણી અધિકારીશ્રીઓ દ્વારા સ્થળ તપાસ કરવામાં આવશે. સ્થળ તપાસ સમયે કમિ.શ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના તા, ૨૬/૫/૨૦૧૧ / તા. ૨૮/૬/૨૦૧૧ ના પત્રની સુચના મુજબની માહિતી તથા અરજી ફોર્મની ચકાસણી કરવામાં આવશે. જેથી તે મુજબના સાધનિક કાગળો / માહિતી ઉપલબ્ધ રાખવી.

૫ દરખાસ્ત સાથે નીચે જણવ્યા મુજબની સંચાલક મંડળ// આચાર્યશ્રીની બાંહેધરીઓ સામેલ રાખવી.

૧ ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરની તથા અધિકૃત કરેલ સતાધિકારીશ્રીની પૂર્વ મંજૂરી સિવાય વધારાનો વર્ગ/ ઉપલું ધોરણ શરૂ કરવામાં આવશે નહી

૨ સરકારશ્રીના પ્રર્વતમાન અને વખતોવખત ના ઠરાવ, પરિપત્ર અને નિયમોને આધીન પૂર્ણ લાયકાતવાળા સ્ટાફની નિમણૂંક કરવામાં આવશે.

૩ સરકારશ્રીએ માન્ય કરેલ અભ્યાસક્રમ મુજબનું પધ્ધતિસરનું શિક્ષણ વિધાર્થીઓને પુરૂ પાડવમાં આવશે.

૪ શાળાઓ જરૂરી પ્રમાણપત્ર, હિસાબો, આંકડાકિય માહિતી, રજીસ્ટરો તથા અન્ય રેકર્ડ અધતન રીતે નિભાવવાના અંગેની. બાંહેધરી

૫ રાજય સરકાર તેમજ ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પ્રર્વતમાન અને વખતો વખત ના નકકી કરેલ શિસ્ત વિષયક નિમનોનું કર્મચારીઓએ અને તેમનાવિધાર્થીઓએ ચુસ્ત રીતે પાલન કરવાની બાંહેધરી .

૬ તે અંગે શાળાના મકાન, મકાન માટે દર્શાવેલ જમીનમાં કોઇ પણ પ્રકારનો વાદ- વિવાદ કે કોર્ટ કેસ ચાલતો હોવો જોઇએ નહી. તે બાબતની બાંહેધરી

૭ શાળાનું મકાન બાંધકામ અંગેની તમામ આનુષાંગિક મંજૂરીઓ શાળા સંચાલંક મંડળે મેળવવાની રહેશે. આ અંગેની આનુષાગિંક તમામ જવાબદારીઓ શાળા મંડળની રહેશે.તે અંગેની બાંહેધરી

૮ શાળાની નોંધણી જે સ્થળે તથા મકાનમાં કરવામા. આવેલ હોય તેમાં બોર્ડની મંજૂરી વગર કોઇ ફેરફાર અથવા સ્થળ ફેરફાર કરી શકાશે નહીં આ સુચનાનો ભંગ થયેથી નોંધણી આપોઆપ રદ થયેલ ગણાશે. તે અંગેની બાંહેધરી

૯ શાળામાં જરૂરી ભૌતિક તેમજ આરોગ્ય વિષયક સુવિધાઓ ઉપલબ્ધ રાખવામાં આવશે તે અંગેની બાંહેધરી

૧૦ શાળાની જગ્યા પ્રરતી અને આરોગ્યદાયક અને હવા ઉજાસવાળી છે. અને તેમાં વિધાર્થીઓની સલામતી માટે પૂરતી જોગાવઇ કરવામાં આવેલ છે.તે અંગેની બાંહેધરી

૧૧ શાળામાં જુદા જુદા ધોરણમાં અપાતા પ્રવેશ જે તે વખતમાં સરકારશ્રીના નિમયો પ્રમાણે આપવામાં આવશે. ધર્મ, જ્ઞાતિ, કે ભાષાના કારણોસર વિધાર્થીઓને પ્રવેશ આપવાની શાળા/ શાળા મંડળ દ્વારા ના પાડવામાં આવશે નહીં તે અંગેની બાંહેધરી

૬ વર્ગ વધારાના ફોમની કોલમ ન. ૩૬ મુજબ દરખાસ્ત સાથે નીચે મુજબના પ્રમાણપત્રો સામેલ રાખવા.

૧. પ્રમાણિત કરવામાં આવે છે કે દરખાસ્તમાં જણાવેલ તમામ વિગતો તદ્દન સાચી છે અને ઉકત ફોર્મ ભરતી વખતે કોઇપણ બાબત જાણીબુઝીને છુપાવી નથી.

૨. વ્યવસ્થાપક મંડળ સરકારે નિયત કરેલ અથવા હવે પછી નિયત કરાર નિયમો/ જોગવાઇઓનનું પાલન કરવા બાંહેધરી આપે છે

બિડાણ; ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત જિ. સુરત

નકલ રવાના: જાણ તથા વર્ગ વધારાના કેમ્પમાં હાજર રહી શાળાઓ દ્વારા આવેલ દરખાસ્ત સ્વીકારી, વર્ગ વધારાની દરખાસ્તની ચકાસણી કરી સ્થળ તપાસ અહેવાલનું નિમય નમુનાનુ ફોર્મ ભરી જરૂરી માહિતી સાથે દરખાસ્તો કચેરીમાં રજૂ કરવા સારૂ.

- શ્રી પી.બી.રાઠોડ શિ.નિ. આ કચેરી
- શ્રી બી.આર.પાઠક સિ.નિ. આ કચેરી
- વહીવટી અધિકારીશ્રી, શાળા વિકાસ સંકુલ ૧ થી ૯

**વર્ગ વધારાના કેમ્પ અંગેની માહિતી વર્ષ, ૨૦૧૨-૧૩**

**સુરત જિ. સુરત**

| ક્રમ | તાલુકા / એસ.વી.એસ. માં સમાવિષટ મા.શાળાઓ. | કેમ્પનું સ્થળ | તારીખ | સમય |
|---|---|---|---|---|
| ૧ | ઉમરપાડા, માંગરોળ, માંડવી | એમ.બી.વામદોત હાઇસ્કૂલ, બારડોલી | તા. ૫/૭/૨૦૧૨ | ૧૦.૦૦ |
| | બારડાલી, મહુવા | એમ.બી.વામદોત હાઇસ્કૂલ, બારડોલી | તા. ૫/૭/૨૦૧૨ | ૧૨-૦૦ |
| | કામરેજ, પલસાણા | એમ.બી.વામદોત હાઇસ્કૂલ, બારડોલી | તા. ૫/૭/૨૦૧૨ | ૧૪-૦૦ |
| ૨ | ઓલપાડ +એસ.વી.એસ.૧,૩ અને ૪ | પી.એચ.બચકાણીવાળા વિધામંદિર, ખરવરનગર, સુરત | તા. ૬/૭/૨૦૧૨ | ૧૦-૦૦ |
| ૩ | એસ.વી.એસ. ૨, ૫ અને ૬ | કે.એન્ડ એમ.પી.સાવર્વજનિક હાઇસ્કૂલ, અમરોલી, સુરત | તા.૭/૭/૨૦૧૨ | ૧૦-૦૦ |